# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪ ૭૭૭૫ તા.૧૪/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ સાયબર સંજીવની અંતર્ગત ડ્રોઇગ સ્પર્ધાનું આયોજન બાબત.

સંદર્ભ:-મદદનીશ પોલીસ કમિશનરની કચેરી,સાયબર ક્રાઇમ,સુરત શહેર, અઠવાલાઇન્સ,સુરત શહેરનો પત્ર ક્રમાંક નં.સાયબર/૬૪૩/૨૦૨૪ તા: ૧૧/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આજના ડિજિટલ યુગમાં નાગરિકો ટેકનોલોજી તથા ઇન્ટરનેટનો સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકે અને સાયબર ક્રાઇમનો ભોગ ના બને તે માટે સુરત શહેર પોલીસ દ્વારા સુરત શહેરને સાયબર સેફ બનાવવાના પ્રયાસ રૂપે તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

મદદનીશ પોલીસ કમિશ્નરની કચેરી, સાયબર ક્રાઇમ, સુરત શહેર
પ્રથમ માળ, સુરત રેન્જ આઇ.જી.પી. ઓફીસની બાજુમાં,
અઠવાલાઇન્સ, સુરત શહેર.
ઇ-મેઇલ : acp-cyber-sur@gujarat.gov.in

ક્રમાંક/સાયબર/ ૬૪૩ /૨૦૨૪, તારીખઃ૧૧/૧૦/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ,
સુરત.

વિષયઃ– સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ સાયબર સંજીવની અંતર્ગત ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સાયબર/ડ્રોઈંગ સ્પર્ધા/૫૭૩/૨૦૨૪ તા.૦૪/૦૯/૨૦૨૪ અન્વયે

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અનુસંધાને લખી જણાવવાનું કે, આજના ડિજિટલ યુગમાં નાગરિકો ટેકનોલોજી તથા ઇન્ટરનેટનો સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકે અને સાયબર ક્રાઇમનો ભોગ ના બને તે માટે સુરત શહેર પોલીસ દ્વારા સુરત શહેરને સાયબર સેફ બનાવવાના ભગીરથ પ્રયાસ રૂપે માનનીય ગુજરાત રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી દ્વારા ગત તા.૦૮/૦૯/૨૦૨૪ ના રોજ " સાયબર સંજીવની 3.0 " અભિયાનનું લોકાર્પણ કરવામાં આવેલ.

સાયબર ક્રાઇમ અવનેસ કાર્યક્રમ દ્વારા ખાસ કરીને મહિલાઓ, સિનિયર સિટીઝન તથા સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સાયબર અવેરનેસ વધે અને તેઓ સાયબર ક્રાઇમથી જાણકાર થાય અને તેઓ સાયબર ક્રાઇમનો ભોગ બનતા અટકી શકે જે અંતર્ગત " સાયબર ચિત્ર " સ્પર્ધાનું ઉક્ત સંદર્ભિત પત્રથી આયોજન કરવા માટે આપશ્રીને જાણાવવામાં આવેલ અને સાયબર ચિત્ર સ્પર્ધાની રૂપરેખા પણ મોકલવામાં આવેલ હતી.

"સાયબર સંજીવની 3.0" અભિયાન અંતર્ગત સુરત શહેરની તમામ શાળાઓમાં સાયબર ચિત્ર સ્પર્ધાનું આયોજન થયેલ છે. ઉક્ત સ્પર્ધામાં વિધાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હોય તો ભાગ લેનાર વિધાર્થીઓના નામોની એન્ટ્રી **https://www.cybersanjivani.org/cyber-chitra-school-competition/** પર કરવા માટેની SOP આ સાથે સામેલ રાખેલ છે. જે SOP માં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા આપના સ્તરેથી યોગ્ય આદેશ થવા વિનંતી છે.

(એસ.ઇ.ડેન્યલ્સ)
મદદનીશ પોલીસ કમિશ્નર
સાયબર ક્રાઇમ, સુરત શહેર

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આ.નં. ૨
11/10

11/10/24
11/10/24

# સાયબર ચિત્ર

સાયબર ચિત્ર સ્પર્ધા માટે અરજીના પગલાં:

1. તમારું સંપૂર્ણ નામ દાખલ કરો
2. ઇમેઇલ સરનામું દાખલ કરો
3. સંપર્ક નંબર દાખલ કરો
4. સ્કૂલનું નામ પસંદ કરો
5. શ્રેણી પસંદ કરો (જેમ કે 7 થી 8, 9 થી 10)
6. ધોરણ પસંદ કરો
7. સાઈબર ચિત્ર સ્પર્ધા માટે વિષય અથવા થીમ પસંદ કરો
8. તમારું ચિત્ર અપલોડ કરો
9. નિયમો અને શરતો સાથે સહમત થાઓ
10. ફોર્મ પૂર્ણ કરવા માટે સબમિટ બટન દબાવો

**Visit the website: https://www.cybersanjivani.org/cyber-chitra-school-competition/**

**આમંત્રણ કોડ (Invite Code): CYBERSANJIVANI3024**